**હરિની દ્રષ્ટિ...** - હરિન ભટ્ટ




# ટેક્ષટાઈલ ઈન્ડીયામાં હાથવણાટની બનાવટના બેનમુન નમુનાઓઓ નિહાળી મુલાકાતીઓ દંગ

ગાંધીનગર તા ૨

સે-૧૭ સ્થિત હેલીપેડ મેદાન ખાતે આયોજિત ટેક્ષટાઈલ પ્રદર્શનમાં દેશ વિદેશના ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝે ભાગ લીધો છે. ત્યારે પ્રદર્શનમાં ટેક્ષ ટાઈલ ઈન્ડસ્ટ્રીઝના બેનમુન નમુનાઓ મુલાકાતીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યા હતા. હાથવણાટ તેમજ ભરતગુંથણ અને મોતીકામના વિવિધ કલાત્મક નમુનાઓ સહીત ફેશનેબલ ગારમેન્ટની



ભરમાર નિહાળવા પણ પ્રદર્શન સેન્ટર પર ભીડ જામી હતી. સુરેન્દ્રનગર જિલ્લાના લીમડીના કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવતા પટોળા માટે પણ મહીલાઓની ભીડ જોવા મળી હતી. આ ઉપરાંત કાશ્મીરની કારપેટના પણ ચઢીયાતા નમુનાઓ જોવા માટે મુલાકાતીઓની ભીડ ઉમટી હતી. ગુજરાત ૨ જારખંડ , કર્ણાટક , તલગણા,આંધ્રપ્રદેશ રાજસ્થાન સહીતના વિવિધ રાજયો તેમજ વિવિધ દેશમાંથી ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝે પ્રદર્શન સેન્ટરમાં પોતાની પ્રોડકટસ રજુ કરી હતી. હાથવણાંટના મશીનનો ઉપયોગ કરીને પટોળા તૈયાર કરતા રણછોડભાઈ વાઘેલાએ ૧૦હજારથી ૩ લાખ સુધીની કિંમતના પટોળાની ડીઝાઈન તૈયાર કરી છે. જયારે તેમના મતે પાટણમાં પણ સુરેન્દ્રનગર જિલ્લાના કારીગરો જ પટોળા બનાવાનુ કામ કરે છે. પાટણમાં સિધ્ધરાજ જયસિંહના સમયમાં આ કલાને પ્રોત્સાહીત કરવામાં આવી હતી. જયારે રાજાશાહીથી પટોળાનુ વિશેષ મહત્વ છે. તેમના જણાંવ્યા મુજબ તેઓ ૧૦ હજારથી લઈ ૩ લાખ સુધીના પટોળા ઓર્ડરથી બનાવે છે. જે હાથવણાંટના મશીનની મદદથી



બનાવામાં આવે છે. લીમડીના ભલજીભાઈ વશરામભાઈ વાઘેલાને સરકારે પટોળાની ડિઝાઈન તેમજ વેરાયટી માટે વર્ષ ૨૦૧૪ માં એવોર્ડ પણ એનાયત કર્યો છે. જો કે ટેક્ષટાઈલ પ્રદર્શનમાં પટોળાનુ વેચાણ થયુ નથી. પ્રદર્શનમાં પટોળાની સાથે તાંગલીયા સાડીની બનાવટ પણ મુલાકાતીઓને જોવા મળી હતી. આ ઉપરાંત જયપુર હેન્ડલુમના બ્લો પ્રિન્ટીંગ ઉપરાંત હાથ બનાવટના વિવિધ નમુનાઓ પણ આકર્ષણનુ કેન્દ્ર બન્યા હતા. રાજસ્થાન વુલન ઈન્ડસ્ટ્રીઝ તેમજ શ્રીનગરની કાર્પેટની વેરાયટી પણ અદભુત હોવાનુ મુલાકાતીઓએ જણાંવ્યુ હતુ. જયારે લુપ્ત થતી મદારીઓની કલાના અંતે ભરતગુંથણમાં જોડાયેલા કારીગરો પણ ભરતકામના કલાત્મક નમુના રજુ કર્યા હતા. ખાદી ગ્રામ ઈન્ડસ્ટ્રીઝ કમિશનના સ્ટોલ પર સોલાર રેંટીયો જોવા માટે પણ મુલાકાતીઓની ભીડ જામી હતી. ખાદી બનાવટના શર્ટસ તેમજ કોટી અને ઝભ્ભા પણ અવનવી ડીઝાઈનમાં જોવા મળ્યા હતા. પ્રદર્શન સેન્ટરમાં આવતા વિદેશીઓ પણ કલાત્મક નમુનાઓથી પ્રભાવિત હતા.

# શહેરમાં વરસાદને પગલે ચા દાળવડાની લારીઓ પર ભારે ભીડ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં સવારથી મેઘરાજા મન મુકીને વરસી રહ્યા છે. વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરતા અનોખો માહોલ સર્જાયો હતો. વરસાદમાં ભીંજાવાની મજા માણવા નીકળેલા નાગરીકોએ ગરમા-ગરમ ચા ની ચુસકી સાથે દાળવડાની મજા માણી હતી. શહેરના વિવિધ સ્થળો પર દાળવડાની સાથો સાથ અન્ય નાસ્તાની રેકડીઓ પર ભારે ભીડ જામી હતી. શહેરમાં વરસી રહેલા વરસાદમાં ભીંજાવાની મજા નાના બાળકથી લઈ મોટી ઉંમરના નાગરીકોએ પણ માણી હતી. બપોર સુધીમાં વેપારીઓએ લાવેલ સ્ટોક પણ પુરો થઈ જવા પામ્યો હતો.

સમગ્ર રાજયમાં મેઘરાજાની સવારી આવી પહોંચી છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજયના મોટાભાગના શહેરો પાણી પાણી થઈ ગયા છે. ત્યારે ગાંધીનગર શહેરમાં પણ રવિવારના રોજ સવારથી જ વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં પસીનેથી રેબઝેબ થયેલા નાગરીકો વરસાદથી રાહ જોતા બેઠા હતા. ત્યારે આજે રવિવારની રજા અને વરસાદી માહોલનો અનેરો સંયોગ સર્જાતા નાગરીકો માર્ગો પર ભીંજાવા માટે નીકળી પડ્યા હતા.

વરસાદી વાતાવરણમાં ભીંજાયેલા નગરજનો ગરમાગરમ ચા ની ચુસકી મારવા માટે ઠેરઠેર અડીંગા જમાવ્યા હતા. જેને પગલે શહેરના મુખ્યમાર્ગના સર્કલો અને શોંપીગ સેન્ટર સહિત વાણીજય વિસ્તારમાં આવેલ ચાની લારીઓનો સમાવેશ થાય છે. ત્યારે ચા ની સાથે ગરમાગરમ દાળવડા, ગોટા, બટાકાવડા, ભજીયા સહિતના નાસ્તાની લારીઓ પર ગ્રાહકોએ તડાકો બોલાવ્યો હતો.

સામાન્ય દિવસોમાં મોડીસાંજ સુધી ચાલતો વેપાર આજે બપોર સુધીમાં સમાપ્ત થઈ ગયો હતો. ગ્રાહકોને લારીઓ તરફ આવતા નિહાળતા જ વેપારીઓને નાસ્તો નથી તેમ કહેવાની ફરજ પડી હતી. જેથી કેટલાક ગ્રાહકોને નિરાશ થઈને પરત ફરવાનો વારો આવ્યો હતો. વરસાદી મૌસમમાં શહેરીજનોએ ભીંજાવાની સાથે નાસ્તાની જયાફત માણતા વેપારીઓને બખ્ખા થઈ ગયા હતા.

# કોટનનું અગ્રીમ ઉત્પાદક ભારત ૨૦૨૦ સુધીમાં એમએમએફ ક્ષેત્રે પણ અગ્રીમ બનશે : સ્મૃતિ ઈરાની

## ભારતમાં મેન મેઈડ ફાયબરના વિકાસની સંભાવના વિષયક સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨

ટેક્ષટાઈલ્સ ઈન્ડિયા-૨૦૧૭ અંતર્ગત કેન્દ્રીય કાપડ મંત્રી સ્મૃતિ ઈરાનીની અધ્યક્ષતામાં "ભારતમાં મેન મેઈડ ફાયબરના વિકાસની સંભાવના" વિષયક સેમિનાર યોજાયો હતો.




શ્રીમતી સ્મૃતિ ઈરાનીએ ભારતના જૂના ઉદ્યોગોમાંના એક ટેક્ષટાઈલ્સ ઉદ્યોગ માટે સરકારની સરળ નીતિના કારણે વધુને વધુ ઉદ્યોગ સંચાલકો તેમાં જોડાય તેવી ઈચ્છા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, માન. વડાપ્રધાન આગ્રહપૂર્વક જણાવે છે કે, દરેક પ્રજાલક્ષી કાર્યક્રમ ફળદાયી બનવો જોઈએ અને તેનો પડઘો દરેક ક્ષેત્ર પર પડી રહ્યો છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ચીન, જાપાન, જર્મની વગેરે દેશોમાંથી આવેલા નિષ્ણાતો અને ઉદ્યોગપતિઓએ ભારતમાં મેન મેઈડ ફાયબરના વિકાસમાં ઘણો રસ દાખવ્યો છે. કોટનના ઉત્પાદન ક્ષેત્રે અગ્રસ્થાને રહેલું ભારત વર્ષ ૨૦૨૦માં એમએમએફ ટેક્ષટાઈલ્સ ક્ષેત્રે નવી સિદ્ધિ હાંસલ કરશે તેવી આશા વ્યક્ત કરી હતી.

કેમિકલ એન્ડ ફર્ટિલાઈઝર કેન્દ્રીય મંત્રી શ્રી અનંતકુમારે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા રિફોર્મ, પરફોર્મ એન્ડ ટ્રાન્સફોર્મના મંત્રાને અનુસરીને ભારતીય ટેક્ષટાઈલ્સ ઈન્ડસ્ટ્રીને પણ પૂરી ક્ષમતાથી ટ્રાન્સફોર્મ કરવાનું લક્ષ્ય છે. મેન મેઈડ ફાયબર ક્ષેત્રે ભારતનો ગ્રોથ રેટ બીજા દેશોની સરખામણીએ ઘણો ઊંચો છે અને હવે ઈન્ડિયન પેટર્નને ધ્યાને રાખીને દેશમાં એમએમએફનો વપરાશ અને વિદેશમાં તેની નિકાસ વધારવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. તેમણે સહિયારા પ્રયાસોની આવશ્યકતા વર્ણવીને ટેક્ષટાઈલ્સ ઈન્ડિયા-૨૦૧૭ના પ્લેટફોર્મ દ્વારા આવા ઉચ્ચસ્તરના સમૂહ ચિંતનનો અવસર ઉભો કરવા માટે કાપડ મંત્રી સ્મૃતિ ઈરાનીને અભિનંદન આપ્યા હતા.




## ચિલોડા ખાતે શ્રી આદ્ય શકિત પગપાળા સંઘની બેઠક યોજાઈ

તાલુકાના ચિલોડા મોટા નટખટ હોટલ ખાતે શ્રી અંબાજી પદયાત્રા સંઘના ૪૦ જુદા જુદા ગામોના સંઘોના આયોજકોની એક મીટીંગ ગામના માઈભકત શ્રી રમેશભાઈ કાન્તિભાઈની રાહબરી હેઠળ યોજાઈ હતી. આ મીટીંગમાં સંઘોના સંચાલકોને સ્વચ્છતા તથા અંબાજી ખાતે પ્રવેશ માટે વાહનોના પાસ માટેના ફોર્મ ભરાવી રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. આ બેઠકમાં આસપાસના ગામોના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સંઘોના યાત્રાળુઓ માટે જરુરી સુવિધા મળે તેવી વ્યવસ્થા કરવા પૂર્વ આયોજન કરવામાં આવશે તેમ નક્કી કરાયું હતું.

# ગુજરાત સરકારમાં 'સિનિયર મોસ્ટ' IASની છેલ્લી એકિઝટ ૨૦૧૯માં; અઢી વર્ષમાં બીજા બાર નિવૃત્ત

ગુજરાત કેડરના સિનિયર મોસ્ટ આઈએએસ ઓફિસરોની વયનિવૃત્તિનો સમય છે. ૨૦૧૯ સુધીમાં વધુ ૧૧ ઓફિસરો નિવૃત્ત થઈ રહ્યાં છે. 'સમય સમય બી બલવાન, નહીં મનુષ્ય બલવાન'- એ કહેવત ઓફિસરોની નિવૃત્તિ સાથે જોડી શકાય તેવી છે. હા, જરૂરિયાત હોય અને સરકારની ગુડબુકમાં હોય તેવા અધિકારીઓ નિવૃત્તિ પછી વર્ષો સુધી સરકારમાં કોન્ટ્રાક્ટથી ફરજ બજાવી રહ્યાં છે. ગુજરાત કેડરના પાવરફુલ અને સિનિયર કહી શકાય તેવા ત્રણ આઈએએસ ઓફિસરો પૈકી પાવર સેક્રેટરી પી.કે.પુજારી જૂનમાં નિવૃત્ત થઈ ગયા છે. તેઓ દિલ્હીમાં ફરજ બજાવતા હતા. જ્યારે કોર્પોરેટ અફેર્સ સેક્રેટરી તપન રે સપ્ટેમ્બરમાં અને વોટર રિસોર્સિંગ સેક્રેટરી અમરજીત સિંઘ નવેમ્બરમાં નિવૃત્ત થાય છે. બીજી તરફ દિલ્હીમાં ફરજ બજાવતા રેવન્યુ સેક્રેટરી અને જીએસટીના પ્રણેતાઓ પૈકીના એક હસમુખ અઢિયા નવેમ્બર ૨૦૧૮માં, કોમર્સ સેક્રેટરી રિટા તેવટીયા જુલાઈ ૨૦૧૮ અને ગુજરાતના હોમ ડિપાર્ટમેન્ટના એસીએસ એમ.એસ.ડાગુર જુલાઈ ૨૦૧૮માં નિવૃત્ત થાય છે. ૨૦૧૯માં રાજગોપાલ જાન્યુઆરીમાં, એ.એમ. તિવારી જૂનમાં, સુજીત ગુલાટી, ગિરીશચંન્દ્ર મુર્મુ અને પ્રેમકુમાર ગેરા નવેમ્બરમાં અને સંજયપ્રસાદ સપ્ટેમ્બરમાં વયનિવૃત્ત થાય છે.

## આદેશ છૂટ્યાં- સરકારના વિકાસ માટે સોશ્યલ મિડીયાનો વિકાસ કરો

**જૂના જોગી ટીકીટ માટે ફરી લાઇનમાં...**

ભાજપમાં નવું લોહી આવ્યું છે અને જૂનું લોહી કોર્નર કરીને બેઠું છે. ૨૦૧૭માં એવા લોહી માટે ફરી આશા જાગી છે. પાર્ટીમાં જેઓ ફેકાઈ ગયેલા છે તેમને અમિત શાહ ફરીથી ટીકીટ આપે છે કે કેમ તે મોટો પ્રશ્ન છે. આ ચહેરાઓ કે જેઓ લાઈમ લાઈટમાં નથી. મોટા ચહેરાઓ જોઈએ તો જયનારાયણ વ્યાસ, જસુબેન કોરાટ, ભરત બારોટ, બિમલ શાહ, ગોરધન ઝડફિયા, કૌશિક પટેલ, આઈકે જાડેજા, સૌરભ પટેલ, જયસિંહ ચૌહાણ, મહેન્દ્ર ત્રિવેદી અને વલ્લભ કથિરીયા. આ તમામ કેબિનેટમાં રહી ચૂકેલા ચહેરા છે. ૨૦૧૭માં જો ભાજપની સરકાર બનાવવી હોય તો નવી યંગ ટીમની સાથે સાથે કેટલાક સિનિયર સાથીદારોની પણ પાર્ટીને જરૂર પડવાની છે તેથી પાર્ટી સૂત્રોના મતે આ ચહેરાઓને ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણી માટેની ટીકીટ મળે તેવી પ્રબળ શક્યતા જોવામાં આવી રહી છે. સાચુ જ કહ્યું છે કે- રાજકારણ કદી ઘરડું થતું નથી અને નેતા કદી રિટાયર્ડ થતો નથી.

**આ છે ભાજપના બાહુબલી નંબર વન...**

માત્ર ફિલ્મોમાં જ નહીં, ભારતના રાજકારણમાં પણ બાહુબલી છે. પહેલાં એવું કહેવાતું હતું કે બાહુબલી ઉત્તરપ્રદેશમાં જ જન્મે છે પરંતુ હવે તેવું નથી. ગુજરાતમાં પણ જન્મે છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ એ ગુજરાતમાંથી દિલ્હી ગયેલા બાહુબલી છે. શક્તિશાળી રાષ્ટ્રીય નેતા તરીકે તેઓ ઉભરી આવ્યા છે. તેમના માટે એવું કહી શકાય છે કે '...જો બોલતે હૈ, વો કરતે હૈ...' નરેન્દ્ર મોદી પાસે આ બાહુબલી છે, જો કે કોંગ્રેસમાં શંકરસિંહ વાઘેલાને પણ બાહુબલી જ કહી શકાય છે, કેમ કે તેમણે ૧૯૯૫માં સરકાર તોડી ૧૯૯૭માં કોઈનું સીએમ પદ છીનવી લીધું હતું. ગોત્ર તો ભાજપનું જ છે. યાદ રહે કે અટલ બિહારી વાજપેયી સાથે પણ પ્રમોદ મહાજન નામના બાહુબલી હતા.

**બ્યુરોક્રેસીમાં શંકરસિંહ વાઘેલા લોકપ્રિય છે...**

ગુજરાતની બ્યુરોક્રેસી ભાજપને જાણે છે, શું તે કોંગ્રેસને અને તેમના નેતાઓને જાણે છે તેવો પ્રશ્ન પૂછીએ તો જવાબ મળે, થોડાં થોડાં... કોંગ્રેસના શક્તિશાળી નેતા શંકરસિંહ વાઘેલા છે અને તેઓ અગાઉ ચીફ મિનિસ્ટર બની ચૂક્યા છે તેથી તેમને બ્યુરોક્રેસીમાં સિનિયર આઈએએસ સાથે સીધો સંપર્ક છે. સૌથી વધુ ઓફિસરો શંકરસિંહ વાઘેલાને ઓળખતા હશે. વિરોધપક્ષના નેતા હોવાથી તેઓ ડાયરેક્ટ વાત પણ કરી શકે છે. ભૂતકાળમાં અમરસિંહ ચૌધરી જ્યારે વિપક્ષના નેતા હતા ત્યારે તેઓ ચીફ સેક્રેટરી અને અન્ય ઓફિસરો સાથે પ્રોટોકોલ પ્રમાણે સીધી વાત કરતા હતા. આશ્ચર્ય એ થાય છે કે વિપક્ષનું પદ કેબિનેટ મિનિસ્ટર રેન્કનું છે છતાં આ પદનો ઉપયોગ વિપક્ષના નેતા કરતા હોતા નથી.

**ટાઈમ લાઈન** - ગૌતમ પુરોહિત

**કોંગ્રેસને સત્તાના મદમાં પાવરટુલ્સની ખબર ન પડી...**

વર્ષો સુધી સત્તામાં રહ્યાં છતાં કોંગ્રેસને એ ખબર ન પડી કે સરકારી સાધનો અને સંસ્થાઓનો આટલો બધો પાવરફુલ ઉપયોગ થતો હોય છે. આજે સૌથી વધુ જો ચર્ચામાં હોય તો તે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, ઈન્કમટેક્સ, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન જેવી સંસ્થાઓ છે. વિરોધીઓને સાફ કરવામાં વપરાતી આ સત્તાનો ઉપયોગ ભાજપ હરપળે કરી રહ્યું છે. જે વિપક્ષ મજબૂત હોય તેને કોઈને કોઈ કાંડમાં સપડાવી દેવાનું કોઈ ભાજપના નેતાઓ પાસે શિખે... કોંગ્રેસના શાસનમાં ઉપયોગ થતો ન હતો તેવું નથી પરંતુ તે મર્યાદિત હતો. ઘણાં નેતાઓને કાયદાનું ભાન ન હતું. આજે કાયદો આગળ કરીને ભલભલા ચમરબંધીને પણ મહાત કરી શકવાની શક્તિ ભાજપે કેળવી લીધી છે.

## મિશન-૨૦૧૭: હારી ચૂકેલા નેતાઓ લાઇનમાં, યુવા લોહીને રોકી રહ્યાં છે

**વિકાસ માટે સોશ્યલનો મિડીયા વિકાસ કરો...**

કેન્દ્રની મોદી સરકાર અને ગુજરાતની રૂપાણી સરકારે કરેલા કામોને લોકો સુધી પહોંચાડવા કેબિનેટના મંત્રીઓ, સંસદસભ્યો, ધારાસભ્યો, પ્રદેશના નેતાઓ અને વિવિધ મોરચાના ઓફિસ બેરર્સને આદેશ આપવામાં આવ્યો છે. નવી દિલ્હીમાં નક્કી થયેલી ફોર્મ્યુલા પ્રમાણે ગુજરાત એકમને આ મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. સરકાર અને સંગઠન વચ્ચે સંકલન જાળવીને પ્રજાપયોગી કાર્યોની પ્રસિદ્ધિ થાય તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે સીધી સૂચનાઓ આપી છે. આ આદેશના પગલે ગુજરાતના માહિતી વિભાગને પણ સોશ્યલ મિડીયાથી સજ્જ બનાવવામાં આવ્યું છે. ખાસ કરીને પોપ્યુલર સાઈટ્સ- ફેસબુક, ટ્વિટર, ઈસ્ટાગ્રામ, વોટ્સઅપ, લિંક્ડઈન અને મોબાઈલ ફોનના એસએમએસ દ્વારા લોકો સાથે સંપર્ક બનાવી રાખવા કહેવામાં આવ્યું છે.

**કર્મયોગી તાલીમ હવે વિસરાઇ ચૂકી છે...**

ગુજરાતમાં ૨૦૦૩માં શરૂ થયેલી કર્મયોગીની તાલીમ વિસરાતી જાય છે. મોદીના દિલ્હી ગયા પછી કર્મયોગીની તાલીમ આપવા માટેનું એવું મજબૂત તંત્ર રહ્યું નથી, પરિણામે સરકારી કચેરીઓમાં રાબેતા મુજબ હોતી હૈ ચલતી હૈ...નો માહોલ જોવા મળી રહ્યો છે. સચિવાલયમાં ફાઈલોની મુવમેન્ટ ધીમી પડી છે. નવા આવેલા કર્મચારીઓને ફાઈલમાં નોટીંગ કેવી રીતે કરવું તેનું જ્ઞાન ઓછું છે તેથી ફાઈલ ચર્ચામાં મૂકી રાખવાના કિસ્સા વધી રહ્યાં છે. સચિવાલયમાં અરજદારોના ધક્કા વધી ગયા છે. એકનું એક કામ લઈને લોકો અવારનવાર આવે છે. આ સ્થિતિ બદલાશે નહીં તો એક દિવસ એવો આવશે કે તેની ગંભીર અસર સરકારના વહીવટી તંત્ર પર થશે. સરકારી યોજનાની પૂર્તિ માટે પહેલાં જે આદેશ અપાતા હતા તેનું પાલન ત્વરીત ગતિએ થતું હતું પરંતુ હવે એવું રહ્યું નથી. ગાંધીનરથી છૂટેલા આદેશને જિલ્લાનું વહીવટી તંત્ર ઘોળીને પી જાય છે અને ફાઈલ મહિનાઓ સુધી મૂકી રાખવાની આદત શરૂ થઈ છે જે પહેલાં બનતું ન હતું.

**હવે તો નેતાઓના ડુપ્લિકેટ આવવા લાગ્યા છે...**

ભારતમાં ફિલ્મસ્ટારોની જેમ નેતાઓની નકલ થવા લાગી છે. નકલ જેની થાય છે તેવા નેતાઓના લિસ્ટમાં નરેન્દ્ર મોદી ટોપ ઉપર છે. તેમના જેવો પહેરવેશ, તેમના જેવી દાઢી, તેમના જેવા ચશ્મા, તેમના જેવા જૂતાં, તેમના જેવા માસ્ક, તેમના જેવી વાણી... બધું જ કોપી થાય છે... નરેન્દ્ર મોદીના ડુપ્લિકેટની સંખ્યા ભારતમાં છ ના આંકડે પહોંચી છે. તો બિહારમાં લાલુપ્રસાદની જેમ નિતીશકુમાર પણ પ્રિય છે. બીજાક્રમે લાલુ પ્રસાદની નકલ કરનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ઉત્તર પ્રદેશમાં માયાવતીના ચાહકો છે, તામિલનાડુમાં જયલલીથાના ચાહકો હતા, તો મુલાયમના 'મખમલી' તો ન કહેવાય, તોફાની ચાહકો જોવા મળે છે. અખિલેશના ડુપ્લિકેટ પણ ઉત્તરપ્રદેશમાં ફરે છે. અરવિંદ કેજરીવાલની નકલ કરનારા કલાકારો ડઝનબંધ છે. જો કે અમિત શાહના અવાજની નકલ થાય છે પણ તેમના જેવું શરીર ધરાવતા ડુપ્લિકેટ હજી ભારતની ગલીઓમાં જોવામાં આવ્યા નથી.

**પોલીસ ઓફિસરોની ટ્રાન્સફર થવાની શક્યતા...**

ગુજરાતના સિનિયર પોલીસ અધિકારીઓને પ્રમોશન આપ્યા પછી તેમની બદલીની શક્યતા વધી ગઈ છે. આ બદલીઓ રથયાત્રા હોવાથી પેન્ડીંગ રાખવામાં આવી હતી પરંતુ હવે રથયાત્રા શાંતિથી પૂર્ણ થઈ છે તેથી તેવા પોલીસ ઓફિસરો બદલાઈ રહ્યાં છે. ગયા મહિને સરકારે જે ઓફિસરોને પ્રમોશન આપ્યા છે તે ઓફિસરો શમશેરસિંહ, મનોજ અગ્રવાલ, બ્રજેશ જહા, અજય ચૌધરી, અભય ચૂડાસમા સહિતના ઓફિસરોની બદલી થઈ શકે છે. આ સાથે કેટલાક સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસની પણ બદલીઓની સંભાવના નકારી શકાતી નથી.

**એક ઓફિસર વિભાગને લાઇવ બનાવે છે...**

ગુજરાતના સિનિયર આઈએએસ ઓફિસર પંકજકુમાર જ્યાં જાય ત્યાં લાઈવ ડિપાર્ટમેન્ટ થઈ જાય છે. નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેઓ સીએમઓમાં કામ કરતા હતા. તેમની પાસે માહિતીનો વિભાગ હતો. તેમણે માહિતીના અધિકારીઓને દોડતા કરી દીધા હતા. તેઓ એસટી નિગમમાં આવ્યા તો એસટીના કર્મચારીઓને દોડતા કર્યા હતા. તેમણે આરોગ્ય વિભાગને પણ લાઈવ બનાવી દીધો હતો અને હવે રેવન્યુ વિભાગને તેઓ લાઈવ કરી રહ્યાં છે. લોકોને પડતી હાલાકીઓનો સોશ્યલ મિડીયા થકી તેઓ નિકાલ કરાવવા માગે છે તેથી રાજ્યના ૩૩ જિલ્લા કલેક્ટરોના ટ્વિટર એકાઉન્ટ તેમણે ખોલાવી દીધા છે. ગુજરાત સરકારમાં સોથી વધુ લાઈવ અને ટેકનોસાવી ઓફિસરની યાદીમાં પંકજકુમાર નંબર વન છે. સરકારના વિવિધ વિભાગોના વડા એવા આઈએએસ ઓફિસરો જો આ રીતે લાઈવ થાય તો ગુજરાતનું કલ્યાણ થઈ શકે..!

## ગંગારામ અલોરિયા સરકારને કહે છે- મારો વાંક શું, મારો ગુનો શું છે

**ગંગારામ અલોરિયા કેમ સેટ ન થયા...**

ગુજરાત સરકારમાં વહીવટીય રીતે સર્વોચ્ચ પદ એટલે ચીફ સેક્રેટરીનું કહેવાય છે. સીએમ પછી સીએસ સરકારના સુપ્રિમો હોય છે. ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોથી એવો સિરસ્તો રહ્યો છે કે ચીફ સેક્રેટરીના પદ પરથી નિવૃત્ત થતાં આઈએએસ ઓફિસરને નિવૃત્તિ પછીનું પોસ્ટીંગ મળતું હોય છે. અત્યાર સુધીમાં સાત ચીફ સેક્રેટરીને આ પોસ્ટીંગ મળ્યા છે જેમાં જી. સુબ્બારાવ, સુધીર માંકડ, ડી.રાજગોપાલન, પી.કે.લહેરી, ડો. મંજૂલા સુબ્રમણ્યમ, એ.કે.જોતિ, વરેશ સિંહા, ડી.જે.પાંડિયનનો સમાવેશ થાય છે પરંતુ છેલ્લે નિવૃત્ત થયેલા ગંગારામ અલોરિયા કોઈપણ પોસ્ટીંગથી વંચિત છે. સરકારે તેમને કોઈ પોસ્ટીંગ આપ્યું નથી. હજી પણ સાત પૈકી પાંચ ઓફિસરો કોઈને કોઈ સુપ્રિમ જગ્યાએ સરકારમાં ફરજ બજાવે છે. અલોરિયાને ઈચ્છા હતી કે તેઓ નિવૃત્તિ પછી સરકારમાં કામ કરે પરંતુ ભાજપની સરકારે કેમ પોસ્ટીંગ આપ્યું નથી તે સચિવાલયના વિભાગોમાં તપાસનો વિષય બન્યો છે. કોઈ કહે છે કે સીએમઓ સાથે તેમનું ટ્યુનિંગ સારૂ રહ્યું ન હતું તેથી તેમને સેટ કરી શકાયા નથી.